સુમુલ ડેરીને નવા ચેરમેન મળે એ પહેલાં દૂધના ભાવ મુદ્દે રજૂઆત

કુદિયાણા દૂધ અને શાકભાજીનું વેચાણ કરનારી મંડળીના પ્રમુખે રજૂઆત કરી

સાયણઃ ઓલપાડ કાંઠા વિસ્તારના પશુપાલકોની કામધેનુ સમાન શ્રી સિદ્ધ સોમેશ્વર કુદિયાણા વિભાગ દૂધ અને શાકભાજીનું વેચાણ કરનારી સહકારી મંડળીના પ્રમુખ અશોકભાઈ પી.પટેલે સુમુલ ડેરીના એમ.ડી.ને દૂધના કિલો દીઠ ફેટનો ભાવ વધારવા રજૂઆત કરી છે.

સુમુલ ડેરીના ડિરેક્ટરોની ચૂંટણીના પરિણામમાં ભાજપ સમર્પિત ડિરેક્ટરોની સ્પષ્ટ બહુમતી હોવા છતાં પ્રમુખ-ઉપપ્રમુખની સત્તા માટે બે જૂથની ખેંચતાણમાં સોમવાર, તા.૧૭ના રોજ ભાજપ મોવડીમંડળનો મેન્ડેટ લટકતા આ બંને હોદ્દાની ચૂંટણી હાલ પૂરતી અટકી છે. જેના કારણે સુમુલના સુકાનનું કોંકડું ગૂંચવાતા સુમુલમાં હજુ પણ વહીવટદારનું શાસન યથાવત રહેતાં પશુપાલકોના આર્થિક પ્રશ્નોના નિરાકરણ ઉપર પૂર્ણવિરામ મુકાયું છે. જ્યારે સુમુલ તરફથી હાલમાં દૂધમંડળીઓને ચૂકવાતો દૂધના પ્રતિ કિલો ફેટના ભાવમાં પણ છેલ્લા ઘણા સમયથી સુમુલે વધારો ન કરાતાં સુમુલ ડેરી સંલગ્ન વિવિધ દૂધમંડળીના સભાસદોની નારાજગી જોવા મળી રહી છે. આ પ્રકારની નારાજગી ઓલપાડ કાંઠાનાં ૧૩ ગામના ૪,૪૨૭ સભાસદ સંખ્યા ધરાવતી શ્રી સિદ્ધ સોમેશ્વર કુદિયાણા દૂધમંડળીના સભાસદોએ સંસ્થાના પ્રમુખ અશોક પી.પટેલ સમક્ષ બળાપો કાઢી રજૂઆત કરી હતી.

જેના પગલે અશોક પટેલે સુમુલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી છે કે, હાલમાં પશુઓના ઘાસચારો, ખાણ-દાણ, પશુ દવાઓ અને પશુ સારવારના ખર્ચમાં સતત વધારો થતાં દૂધ ઉત્પાદનનો ખર્ચ પણ વધ્યો છે. જેના લીધે પશુપાલકો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સુમુલ ડેરી દ્વારા હાલમાં દૂધ ઉત્પાદકોને કિલો ફેટના રૂ.૮૮૦ આપવામાં આવતા એક લિટરના ૭ ફેટના આધારે રૂ.૬૩ ભાવ ચૂકવાય છે. આ ભાવ પશુપાલકોને પોષાય તેમ ન હોવાથી યુવા પેઢી આ વ્યવસાયથી દૂર ભાગી રહી છે, તેમણે વધુ રજૂઆત કરી છે કે, સુમુલ વિવિધ મંડળીઓ પાસેથી દૂધ મેળવી પ્રોસેસિંગ કરીને અન્ય બાય-પ્રોડક્ટ્સ બનાવી તેનું વેચાણ કરી સારો મેળવે છે. જેથી સુમુલ દ્વારા કિલો ફેટના ભાવમાં તાત્કાલિક યોગ્ય વધારો કરવામાં ન આવશે તો પશુપાલકો આર્થિક રીતે સક્ષમ કેવી રીતે બની શકશે?

આંબોલી પાસે ટ્રક ચાલકે અડફેટે લેતાં વોચમેનનું મોત

કામરેજઃ આંબોલી પાસે ટ્રકના ચાલકે સોમવારી બજારમાં વોચમેનની નોકરી કરતાં વૃદ્ધના શરીર પરથી ટ્રકનું વ્હીલ ફરી જતાં મોત નીપજ્યું હતું. ટ્રકના ચાલકે ફોર વ્હીલ કાર સાથે પણ અકસ્માત કર્યો હતો.

અબ્રામાના કઠોર ગામે મુસ્લિમ ફળિયામાં રહી વોચમેનની નોકરી કરતાં યુસુફખાન ઈસ્માઈલખાન પઠાણ (ઉ.વ.60) સોમવારે કઠોર ગામે સ્વાગત રેસિડન્સીની બાજુમાં આંબોલી ગામની હદમાં કઠોર-આંબોલી રોડ આવેલી ખુલ્લી જગ્યામાં ભરાતી સોમવારી હાટ બજારમાં વોચમેનની નોકરી કરવા માટે ગયા હતા. સાંજે આશરે 7.30 કલાકે રોડ પર ટ્રક નં.(જીજે 05 સીયુ 7060)ના ચાલક અજરમ અહમદ અલી (હાલ રહે.,કોસમાડી, તા.કામરેજ, મૂળ રહે.,ધમૌલી, જિ.મિરઝાપુર, ઉત્તરપ્રદેશ)એ યુસુફખાનને અડફેટે લેતાં માથા તેમજ શરીરના ભાગે ટ્રકનું વ્હીલ ફરી જતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ટ્રકના ડ્રાઈવરે આગળ મારુતિ સ્વિફ્ટ કાર નં.(જીજે 05 સીડબ્લ્યૂ 4451) સાથે પણ અથડાવી દેતાં નુકસાન થયું હતું. આ ઘટના અંગે મરનારના ભત્રીજાએ કામરેજ પોલીસ મથકમાં ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

કોસંબામાં રસ્તા રોકી બેસી રહેતાં રખડતાં કૂતરાંથી લોકોમાં દહેશત

નાનાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને જોખમ

ઝાહિર સૈયદે કોસંબાના સરપંચ અને તલાટીને રજૂઆત કરી

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળના કોસંબામાં દિન-પ્રતિદિન વધતા જતા રખડતાં શ્વાનોના આતંકથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. લોકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. શ્વાન રસ્તામાં બેસી જતા હોવાથી જતા પણ ડર લાગે છે. આ અંગે સ્થાનિક રહીશ ઝાહિર જમીલ સૈયદ દ્વારા કોસંબા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી-કમ-મંત્રીને લેખિત રજૂઆત કરી શ્વાનોના ત્રાસમાંથી મુક્તિ અપાવવા અને કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

અરજદારના જણાવ્યા મુજબ સરકારી દવાખાના અને શાળાના આસપાસના વિસ્તારમાં નાનાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની સતત અવરજવર રહે છે. રખડતાં શ્વાનોના કારણે અહીં માસૂમ બાળકોના જીવ પર ભારે જોખમ મંડરાઈ રહ્યું છે. અગાઉ પણ ૩૦ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી, જેના જવાબમાં તંત્ર દ્વારા શાળાઓની કમ્પાઉન્ડ વોલ બાંધવી અને હોસ્પિટલમાં રસી ઉપલબ્ધ હોવાની વાત જણાવવામાં આવી હતી. સ્થાનિકો કહે છે કે, શ્વાન કરડ્યા પછી માત્ર રસી ઉપલબ્ધ હોવી એ સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ શ્વાનના હુમલા અટકાવવા એ પ્રાથમિક જરૂરિયાત છે.

અરજીમાં વધુમાં જણાવાયું છે કે, કેન્દ્ર સરકારના પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા 'Animal Birth Control (ABC) Rules, 2023' મુજબ રખડતાં શ્વાનનું નિયંત્રણ, ખસીકરણ અને રસીકરણ કરવાની સીધી કાનૂની જવાબદારી સ્થાનિક પ્રશાસન એટલે કે ગ્રામ પંચાયતની છે. પંચાયતે પશુપાલન વિભાગ અથવા માન્યતા પ્રાપ્ત એનજીઓના સંકલનમાં રહી 'Catch-Neuter-Vaccinate-Return' (CNVR) પદ્ધતિ હેઠળ તાત્કાલિક કામગીરી હાથ ધરવી જોઈએ. સ્થાનિક રહીશોએ ચીમકી આપી છે કે જો પંચાયત દ્વારા આ ગંભીર સમસ્યાનું કાયમી અને વાસ્તવિક નિવારણ નહીં લાવવામાં આવે તો આગામી સમયમાં સ્થાનિકોને સાથે રાખી ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

કેનાલમાં તણાયેલી વેગી ગામની બાળકીનો મૃતદેહ મળ્યો

ઉશ્કેર-તોગાપુર પાસેથી લાશ મળી

માંડવીઃ અરેઠના વેગી ગામે રવિવારે કાકરાપાર ડાબા કાંઠા કેનાલમાં કપડાં ધોવા ગયેલી 12 વર્ષીય બાળકી અપ્સરા મનીષ ચૌધરીનો અકસ્માતે પગ લપસતાં તે ઊંડા પાણીમાં તણાઈ ગઈ હતી. આ બનાવ બાદ સ્થાનિક સ્તરે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મંગળવારે ઉશ્કેર-તોગાપુર ગામ નજીકથી પસાર થતી કેનાલમાંથી બાળકીનો મૃતદેહ મળી આવતાં ગ્રામજનોએ તાત્કાલિક માંડવી ફાયર બ્રિગેડ અને તડકેશ્વર પોલીસને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચેલી તડકેશ્વર પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાને પગલે વેગી ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

શ્રદ્ધાનો મહાસાગરઃ પલસાણામાં 30 કિ.મી. લાંબી કાવડ યાત્રા નીકળી

630થી વધુ ભાવિકો વાઘેચાથી ખુલ્લા પગે ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિરે પહોંચ્યા

ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણા તાલુકામાં શ્રદ્ધા અને ભક્તિભાવથી ભરપૂર ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઘેચા ગામથી શરૂ થયેલી આ કાવડ યાત્રામાં 630થી વધુ ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આશરે 30 કિલોમીટરની યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ ખુલ્લા પગે પગપાળા યાત્રા કરી રૂણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી ભગવાન શિવના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. કાવડ યાત્રા દરમિયાન સમગ્ર માર્ગ 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી ગૂંજી ઊઠ્યો હતો. ભક્તિભાવ સાથે જોડાયેલા ભાવિકોએ કાવડમાં પવિત્ર જળ લઈ મહાદેવને અભિષેક અર્પણ કર્યો હતો.

યાત્રામાં યુવાનો, વડીલો સહિત મોટી સંખ્યામાં શિવભક્તો જોડાયા હતા. 30 કિલોમીટરની લાંબી યાત્રા હોવા છતાં ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

યાત્રામાં જોડાયેલા 630થી વધુ ભાવિકોએ ભગવાન ઋણમુક્તેશ્વર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કાવડ યાત્રામાં માત્ર આઠ વર્ષનો પ્રતીક રાવત પણ જોડાયો હતો અને ખુલ્લા પગે યાત્રા પૂર્ણ કરી હતી. તેની ભક્તિ, ઉત્સાહ અને અડગ શ્રદ્ધા જોઈને યાત્રામાં જોડાયેલા ભાવિકો માટે તે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ યાત્રાનું આયોજન અજય યાદવ, ગોવરધનસિંહ રાજપૂત, રાહુલ પાંડે, અનુરાગ યાદવ, પપ્પુ સોનકર, ત્રિલોકી શાહ, સંજીવ રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોમભાઈ આહીર, તેજસ દેસાઈ, પ્રવીણ આહીર, પરેશ મૈસુરીયા, અરુણભાઈ દુબે, રિધ્ધિબેન જેવાં અગ્રણી હાજર રહ્યાં હતાં.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN- U65922KL2011PLCO29231
કોર્પોરેટ ઓફિસઃ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ., 19/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ સી/ઓ. મુથુટ હોમફિન (ઈ) લિ., પહેલો માળ, પ્રેમાઈસિસ નં. 1 અને 2, શાંતિ કોમ્પ્લેક્સ, રિલાયન્સ મોલ નજીક, ગુંજન રોડ, જીઆઈડીસી, વાપી - 396000, ગુજરાત.
શાખા ઓફિસઃ મુથુટ હોમફિન (ઈ) લિ., 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત ગુજરાત - 395009.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ અસ્કયામતનો કબ્જો મેળવ્યાને અનુસરીને, દેવાદાર/ઓ પાસેથી બાકી રકમ વસૂલવા માટે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જે જ્યાં છે ત્યાં', 'જેવું છે તેવું' અને 'જે કંઈ પણ છે તેવું'ના ધોરણે અધિકૃત અધિકારીના કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

અ. નં.	ધિરાણ લેનાર(ઓ)/ સહ-ધિરાણ લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ લોન ખાતા નંબર/શાખા	માગણી નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	ઈ.એમ.ડી. રકમ (10% RP)
1.	અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત	10-સપ્ટેમ્બર-2019 રૂ. 8,74,930/- (રૂપિયા આઠ લાખ ચુમોતેર હજાર નવસો ત્રીસ માત્ર.)	બી- 402 અક્ષર પેલેસ સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, ગુજરાત- 394315	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.)	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.)
2.	અક્ષિની વેદાંત મિશ્રા/ મમતા જેનાથ મિશ્રા/ 004-00405461/ સુરત	23-સપ્ટેમ્બર-2025 રૂ. 4,15,769/- (રૂપિયા ચાર લાખ પંદર હજાર સાતસો ઓગણસિત્તેર માત્ર.)	ફ્લેટ નં. 415, ચોથા માળે ક્ષેત્રફળ 276 ચો. ફૂટ એટલે કે 25.66 ચો. મીટર કાર્પેટ એરિયા અને 306 ચો. ફૂટ એટલે કે 28.44 ચો. મીટર બિલ્ટ અપ એરિયા અને 460 ચો. ફૂટ એટલે કે 42.76 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા, સાથે "માધવ કોમ્પ્લેક્સ ઓફ સાઈબાબા નગર" ની જમીનમાં 4.72 ચો. મીટર અવિભાજિત હિસ્સો, બ્લોક નં. 123 માં સ્થિત ક્ષેત્રફળ ગુંઠા 2-29 આકાર રૂ. 17.99 પૈસા, પૈકી પ્લોટ નં. 58, 59, 60, 61, 64, 65, 66 અને 67 કૂલ ક્ષેત્રફળ 445.84 ચો. મીટર "સાંઈ બાબા નગર" માં, મોજે દેલાડ, તા. ઓલપાડ, જી. સુરત. સરહદોઃ ઉત્તર- 20 ફૂટ રોડ, દક્ષિણ- 20 ફૂટ રોડ, સાઉથ- 20 ફૂટ રોડ, વેસ્ટ- 15 ફૂટ રોડ.	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.)	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.)
3.	હિરેનભાઇ મનસુખભાઇ કાવા / વિશ્વ હિરેનભાઇ કાવા / 004-00403487 / સુરત	21-જુલાઈ-2025 રૂ. 6,03,670/- (રૂપિયા છ લાખ ત્રણ હજાર છસો સિત્તેર પૂરા).	ફ્લેટ નં. A-503, શ્યામ પેલેસ બિલ્ડિંગ નં. A, વેડ નગરી કામરેજ કેનાલ રોડ, હંસ રેસીડેન્સી સામે, કામરેજ, સુરત, સ્ટેટ-ગુજરાત, પિનકોડ- 394185. સીમાઓઃ ઉત્તર- સી.ઓ.પી., દક્ષિણ- ઇન્ટરનલ રોડ, પૂર્વ- રોડ, પશ્ચિમ- પ્લોટ નં. 30	રૂ. 2,30,000/- (રૂપિયા બે લાખ ત્રીસ હજાર પૂરા).	રૂ. 23,000/- (રૂપિયા ત્રેવીસ હજાર પૂરા).
4.	કિષ્ણાકુમાર પંચમ કેવટ / અંજુદેવી કિષ્ણાકુમાર કેવટ / 004-00401990 / સુરત	22-ડિસેમ્બર-2025 રૂ. 4,84,706/- (રૂપિયા ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છ પૂરા).	ફ્લેટ નં. G-2, ક્ષેત્રફળ 530 ચો.ફૂટ (એટલે કે 49.25 ચો.મીટર સુપર બિલ્ટઅપ એરિયા અને 318 ચો.ફૂટ એટલે કે 29.55 ચો.મીટર બિલ્ટઅપ એરિયા સાથે 12.00 ચો.મીટર જમીનમાં અવિભાજિત હિસ્સો), સિદ્ધિ વિનાયક રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટી- 2, સર્વે નં. 133, બ્લોક નં. 137/a, હિસ્સા નં. 3, પૈકી પ્લોટ નં. 120 થી 122 અને 123, મોજે ગામ કડોદરા, તા. પલસાણા, જિલ્લોઃ સુરત, કડોદરા કોસ રોડ નજીક, પલસાણા, સુરત.	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા).	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા).
5.	મનોજ કુમાર રાજ કરણ ગુમા / રૂપા મનોજ કુમાર ગુમા / 059-05900069 / વાપી	20-માર્ચ-2025 રૂ. 28,80,382/- (રૂપિયા અઠ્ઠાવીસ લાખ એંસી હજાર ત્રણસો બ્યાંસી પૂરા).	પ્લોટ નં. 46/2, શ્રી દત્ત રેસિડેન્સી, જૂજ ધામ નજીક, ખામભલા ઝાંપા, માનપુર રોડ, વાંસદા સિટી, નવસારી, સ્ટેટ ગુજરાત- 396580. સેલ ડીડ રજિસ્ટર્ડ નં. 127-2018 તારીખ 23/03/2018 પ્રમાણે સબ રજિસ્ટ્રાર વાંસદાની કચેરીમાં દર્શાવ્યા મુજબ. સીમાઓઃ ઉત્તર- સોસાયટી રોડ, દક્ષિણ- ઓપન પ્લોટ, પૂર્વ- ઓપન પ્લોટ, પશ્ચિમ- ઓપન પ્લોટ.	રૂ. 5,00,000/- (રૂપિયા પાંચ લાખ પૂરા).	રૂ. 50,000/- (રૂપિયા પચાસ હજાર પૂરા).
6.	નીલાક્ષી વિજયકુમાર શર્મા / વિજયકુમાર હરિ શર્મા / 004-00403531 / સુરત	22-માર્ચ-2022 રૂ. 5,57,636/- (રૂપિયા પાંચ લાખ સત્તાવન હજાર છસો છત્રીસ પૂરા).	ફ્લેટ નં. 105, પહેલો માળ, હરિ કિષ્ણા, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ- 2, ઓફ- સુરત બારડોલી હાઈવે, બગુમરા, પલસાણા, સુરત- 394327.	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા).	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા).
7.	સુરેશ વિઠ્ઠલ પટા/સોની સુરેશ પટાલે / 004-00403999 / સુરત	26-ડિસેમ્બર-2020 રૂ. 5,74,576/- (રૂપિયા પાંચ લાખ ચુમોતેર હજાર પાંચસો છ્યોતેર પૂરા).	ફ્લેટ નં. 207, બીજો માળ, શિવાલિક રેસિડેન્સી, સુરત બારડોલી રોડ, તાતીથૈયા, પલસાણા, સુરત, ગુજરાત- 394305. સેલ ડીડ રજિસ્ટર્ડ નં. 10186/2018, તારીખ 21/04/2018 પ્રમાણે સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં દર્શાવ્યા મુજબ. સીમાઓઃ ઉત્તર- ઓપન પ્લોટ, દક્ષિણ- પેસેજ નં. 204, પૂર્વ- ફ્લેટ નં. 208, પશ્ચિમ- ફ્લેટ નં. 206.	રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા).	રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા).
8.	વિજયકુમાર રામકેર રામ / શશીકલા વિજય રામ / 004-00403560 / સુરત	24-જૂન-2025 રૂ. 3,60,224/- (રૂપિયા ત્રણ લાખ સાઠ હજાર બસો ચોવીસ પૂરા).	ફ્લેટ નં. 103, પહેલો માળ, શાલિભદ્ર રેસિડેન્સી, ડી.એમ. નગર, વિરાજ કોમ્પ્લેક્સ પાસે, સચિન- પાલી રોડ, પાલી, સચિન, સુરત, પિનકોડ- 394230. સીમાઓઃ ઉત્તર- અડીને આવેલ પ્લોટ, દક્ષિણ- ફ્લેટ નં. 105, પૂર્વ- સીડી, પશ્ચિમ- પ્લોટ નં. 102.	રૂ. 1,70,000/- (રૂપિયા એક લાખ સિત્તેર હજાર પૂરા).	રૂ. 17,000/- (રૂપિયા સત્તર હજાર પૂરા).
9.	વીરેન્દ્ર મહેન્દ્ર શર્મા / નીલમ વીરેન્દ્ર શર્મા / 004-00405664 / સુરત	26-ઓગસ્ટ-2023 રૂ. 6,63,311/- (રૂપિયા છ લાખ ત્રેસઠ હજાર ત્રણસો અગિયાર પૂરા).	ફ્લેટ નં. 405, ચોથો માળ, ગોકુલ રેસિડેન્સી, ઉભેળ, કડોદરા હાઈવે પાસે, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394325.	રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા).	રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા).

1. હરાજી "જેવું છે જ્યાં છે" અને "જેવું છે જે સ્થિતિમાં છે"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજીના વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલયમાંથી મેળવી શકાશે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં ઈ.એમ.ડી. (EMD) સાથે સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 08-સપ્ટેમ્બર-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી 'મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ'ના નામે બનાવેલા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા, સાથે KYC સાથે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલયના સરનામે જમા કરાવવાની રહેશે. ટેન્ડર પૂર્ણ ન ભરેલા હોય અથવા છેલ્લી તારીખ પછી મળશે તો તેને અમાન્ય ગણીને રદ કરવામાં આવશે. ઈ.એમ.ડી. પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતનું નિરીક્ષણ 07-સપ્ટેમ્બર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી 03:00 વાગ્યા સુધી કરી શકાશે.
5. મિલકત માટે બીડ/ઓફર ઓક્શન ડેટ ખોલવાની તારીખ 09-સપ્ટેમ્બર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત બ્રાન્ચ ઓફિસના સરનામે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ ચેદાનિક નોટિસ અને બોજ/ટેક્સ બાકી રકમ માટે જવાબદાર રહેશે નહીં. જો કોઈપણ રકમ બાકી હોય તો તે સફળ ખરીદદારે ચૂકવવાની રહેશે. ખરીદદારે મિલકતના ટાઇટલ અંગેની પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને જાતે ખાતરી કરવી જોઈએ.
7. સર્વોચ્ચ બીડર MHILની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ કારણ આપ્યા વિના મળેલી કોઈપણ ઓફર/બીડને સ્વીકારવાનો કે અસ્વીકાર કરવાનો અધિકાર રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. કરજદાર(ઓ)/જામીનદાર(ઓ)ને સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની સેલ નોટિસ આપવામાં આવે છે કે હરાજી નિષ્ફળ જવાની સ્થિતિમાં ઉપરોક્ત રકમ વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો કરજદાર હરાજીની તારીખ પહેલાં સંપૂર્ણ રકમ ચૂકવી દેશે તો વેચાણ રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત બ્રાન્ચ ઓફિસના સરનામે અધિકૃત અધિકારી, સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744 નો સંપર્ક કરવો.

તારીખઃ 19 ઓગસ્ટ, 2026
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

વ્યારાના ધાટ ગામની શિક્ષિકા સાથે રૂ.4.98 લાખની છેતરપિંડી

સ્કીન ટ્રીટમેન્ટ આપવાના બહાને ઠગાઈ કરનારા ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

વ્યારાઃ વ્યારાના ધાટ ગામની મહિલા શિક્ષિકાને અજાણ્યા શખ્સ પર ભરોસો કરી સ્કીનની સારવાર લેવાનું મોંઘું પડ્યું છે. સ્કીનની સારવાર લેવામાં મહિલા શિક્ષિકાએ 4,97,999 રૂપિયા ગુમાવવાનો વારો આવતાં શિક્ષિકાએ વ્યારા પોલીસ મથકે એક ડોક્ટર સહિત ચાર સામે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ચાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ વ્યારાના ધાટ ગામના ઉપલા ફળિયામાં રહેતી 44 વર્ષીય આધેડ મહિલા વલસાડના ધરમપુરના ખાંડા ગામે આશ્રમશાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. જેઓ ગત વર્ષે તા.22-10-2025ના રોજ પોતાના પરિવાર સાથે રાજસ્થાન પ્રવાસે ગયાં હતાં. દરમિયાન શામળાજી મંદિર પાસે એક દીપક નામની અજાણી વ્યક્તિના સંપર્કમાં આવી પોતાના પગમાં સ્કીનની તકલીફની સારવાર માટે ડો.દીવાન નામના શખ્સ સાથે ફોન પર સંપર્ક કર્યો હતો. બાદ તા.4-11-2025ના રોજ ઈનોવા ગાડી લઈને ત્રણ શખ્સ શિક્ષિકાના ઘરે આવ્યા હતા અને સ્કીનની સારવાર આપતાં પહેલાં તમારા પગમાં ખરાબ લોહી છે. જે ચૂસીને કાઢવાનું જણાવી એક ટીપું લોહીના 6 હજાર ચૂકવવા પડશે તેમ કહેતાં શિક્ષિકા સારવાર લેવા માટે રાજી થઈ ગઈ હતી. જે બાદ આરોપી ડો.દીવાન મુખીએ શિક્ષિકાના પગમાંથી લોહી બહાર કાઢ્યું હતું. જેનાં ટીપાં ગણતા રૂ.6,50,000 આવવાનું કહેતાં શિક્ષિકાએ તરત 3 લાખ રૂપિયા રોકડા ચૂકવ્યા બાદ બાકીના આગલા ચારેક દિવસની અંદર ટુકડે ટુકડે 1,97,999 રૂપિયા ઓનલાઈન ચૂકવ્યા હતા. બાદ આરોપી ડોક્ટર દ્વારા કુરિયર દ્વારા શિક્ષિકાને દવા મોકલી હતી. જે દવાના ઉપયોગથી બે મહિનામાં સ્કીનની સમસ્યા સારી થઈ જશે તેમ જણાવ્યું હતું. જોકે, દવાના ઉપયોગથી આજદિન સુધી સ્કીનની સમસ્યા સારી ન થતાં શિક્ષિકાએ ગત સોમવારે વ્યારા પોલીસ મથકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ આપતાં પોલીસે દીપક, ડો.દીવાન મુખી, ડો.દીવાન મુખીનો આસિસ્ટન્ટ અને સુમિત સંતોષ નામના શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નરેણ ગામે દીપડો પાંજરે પુરાતાં ગ્રામજનોને રાહત

માંડવીઃ માંડવીના નરેણ ગામના કોલાની ફળિયામાં ખેતરમાંથી મોડી સાંજે દીપડો પાંજરે પુરાતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર નરેણ ગામના કોલાની ફળિયામાં રહેતા બાલુભાઈ નાગજીભાઈ ચૌધરીના ખેતર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર જોવા મળતી હતી. જેના પગલે ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ અંગે ગામના સરપંચ ટીનાબેન જયેશભાઈ ચૌધરીને જાણ થતાં તેમણે તાત્કાલિક વન વિભાગને લેખિત રજૂઆત કરી પાંજરું મૂકવા માંગ કરી હતી. સરપંચની રજૂઆતને પગલે વન વિભાગના આર.એફ.ઓ.ની સૂચના મુજબ વનકર્મીઓએ ખેતર વિસ્તારમાં મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. દરમિયાન મોડી સાંજે શિકારની શોધમાં નીકળેલો દીપડો પાંજરામાં કેદ થયો હતો. દીપડો કેદ થયાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ આસપાસના ગ્રામજનોનાં ટોળેટોળાં તેને જોવા ઊમટી પડ્યાં હતાં. વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી દીપડાનો કબજો મેળવ્યો હતો અને તેને સુરક્ષિત રીતે ગાઢ જંગલમાં મુક્ત કરવાની કવાયત હાથ ધરી છે. દીપડો પકડાઈ જતાં સમગ્ર વિસ્તારના ખેડૂતો અને રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

પીપોદરા નજીક રિક્ષામ